## બાયડના અલવા કંપા ડમ્પીંગ સાઈટ વિરોધના પગલે મામલતદાર અને સર્કલ ઓફિસર દોડ્યા

બાયડના અલવા કંપા ગામ નજીક સર્વેનં ૧૨૫/૨ વાળી જમીનમાં પ્લાન્ટ માલિકોએ એન.એ.ની મજૂરી માટે આસપાસના ખેડૂતોના ઉદ્યોગ નિર્માણ માટેનાં એન.ઓ.સી. મેળવ્યા વગર ૧૪ સપ્ટેમ્બરના રોજ ઉપરોક્ત સર્વે નં.ની જમીનમાં ઈફલુએન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ(વેસ્ટ કેમિકલ સ્ટોરેજ પ્લાન્ટ) બનાવવાનો હુકમ જારી કરી નાખ્યો હતો. સર્વે નં. ની જમીન વેચાણ આપનાર ખેડૂતે આ સર્વે નં.ની કાચી નોંધમાં પ્લાન્ટ માટે એન.એ.નો હુકમ થયા અંગેનું ધ્યાને આવતાં સમગ્ર મામલે ગેરરીતિઓ આચરઈ હોવાનું સામે આવતા ખેડૂતોએ હોબાળો મચાવી આત્મવિલોપનની ચીમકી મંગળવારે ઉચ્ચારાતા વહીવટીતંત્ર હરકતમાં આવ્યું હતું. ગુરુવારે મામલતદાર અને સર્કલ ઓફિસર અલવા ખાતે દૂધ મંડળીમાં ખેડૂતો સાથે મિટિંગ યોજી હોતી. ખેડૂતોએ વિરોધ યથાવત રાખી અગાઉ આજ બાબતે ગામલોકોએ રોકડું પરખાવી દીધું હતું કે કેમિકલ ડમ્પિંગ પ્લાન્ટ માટે કેટલા અને કોણ કોણ ખેડૂતોએ સહીઓ કરી એ કાગળ જોવાની માંગ કરી વિરોધ યથાવત રાખી ભ્રષ્ટ વહીવટી તંત્રના આક્ષેપ કરી જવોબો આપવાની સ્પષ્ટ ના પાડી દેતા વીલા મોઢે પરત ફરવું પડ્યું હતું. અલવા કંપા ગામના ખેડૂતોના જણાવ્યા અનુસાર ખેડૂતોનો કેમિકલ ડમ્પીંગ સાઈટના ઉગ્ર વિરોધના પગલે દોડી આવેલા સર્કલ ઓફિસર અને મામલતદારને સ્થળની પણ પૂરતી જાણકારી ન હોવાનું અને ખેડૂતોએ આ અંગે પુછાતા ડમ્પીંગ સાઈટની વિરુદ્ધ દિશા બતાવતા ખેડૂતોમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો હતો અને જવબદાર અધિકારીઓએ સ્થળ પર નિરીક્ષણ કર્યા હોવાનો છેદ ઉડી જતા ખેડૂતો વિરોધ આકરા પાણીએ પહોંચતા એન.એ. માટે ખેડૂતોની સહીઓ જોવાની માંગ સાથે ખેડૂતોની ખોટી સહીઓ અને જવાબો લીધા હોવાનો અને લાખ્ખો રૂપિયાનો ભ્રષ્ટાચાર આદરી ગેરકાયદેસર રીતે એન.એ. કરી ખેડૂતો સાથે છેતરપિંડી કરવામાં આવી હોવાનો આક્ષેપ કરી ખેડૂતોને યોગ્ય ન્યાય નહિ મળે ત્યાં સુધી વિરોધ યથાવત રહેશેનું ખેડૂતોએ જણાવ્યું હતું.

# દિવાળીની આડે ગણતરીના દિવસો બાકી છતાં બજારમાં મંદી

હિંમતનગર, , તા.૧

હિંદુ સમાજના મહાપર્વ તરીકે ઉજવાતા દીવાળીના તહેવારોને આડે ગણતરીના દિવસો બાકી હોવા છતાં હિંમતનગર સહીત જિલ્લાના વિવિધ સ્થળે બજારોમાં ઘરાકી ખુબજ ઓછી હોવાને કારણે વેપારી વર્ગ મુંઝવણમાં મુકાઈ ગયો છે. તો બીજી તરફ મોંઘવારી તથા અન્ય કારણોસર ખરીદદાર વર્ગ પણ જરૂરીયાતો પર કાપ મુકી રહ્યો છે.

આ વર્ષે સાબરકાંઠા જિલ્લામાં પડેલા ઓછા વરસાદને કારણે ખાસ કરીને ખેડૂતોને ચોમાસુ પાકને પાણી વગર નુકસાન થયુ છે. જેના કારણે અનેક ખેડૂતોના ખેતરોમાં વાવેતર કરેલ પાક કાં તો સુકાઈ ગયો છે અથવા તો ઉત્પાદન ઓછુ મળ્યું છે જેના કારણે ખાસ કરીને ગામડામાં રહેતી પ્રજાને દિવાળીના તહેવારોની ઉજવણીમાં અગાઉના વર્ષો જેટલો રસ રહ્યો નથી.

ઓછામાં પુરૂ આ વર્ષે દૂધના ભાવોમાં સાબરડેરી દ્વારા કરાયેલા ઘટાડાને કારણે દૂધ ઉત્પાદકોને અકલ્પીય માર પડ્યો હોવાને કારણે તેમની આવકમાં ઘટાડો નોંધાયો છે. જેના કારણે રોજિંદા વ્યવહારો પણ માંડમાંડ સચવાય છે. તથા શિયાળુ પાકના વાવેતર માટે થનાર ખર્ચને પહોંચી વળવા માટે મથામણ કરી રહેલ ગ્રામ્ય પ્રજા દિવાળીના તહેવારોમાં ભપકા કરવા માંગતા નથી.

અગાઉના વર્ષોની જેમ વેપારીઓએ નવરાત્રી અગાઉ વિવિધ સ્થળેથી રેડીમેડ કપડા, ફુટવેર, પેન્ટ, શર્ટના કાપડ તથા હોજીયારી અને કરીયાણાના વેપારીઓએ જથ્થાબંધ ખરીદી કરી લીધી છે. પરંતુ હવે દિવાળીની આડે ચાર દિવસ બાકી હોવા છતાં

### નોટબંધી, મોંઘવારી અને ઓછા વરસાદને લીધે પ્રજાને ખરીદીમાં રસ ઓછો

બજારોમાં ઘરાકી નહીવત હોવાને કારણે વેપારીઓ ગ્રાહકની રાહ જોઈને બેસી રહ્યા છે. વેપારીઓને એવી ચિંતા સતાવે છે કે દિવાળી બાદ હોલસેલરને પેમેન્ટ ચુકવાનુ હોવાથી જો તહેવારો પર તેમની ધારણા મુજબ વેપાર નહી થાય તો મુશ્કેલી પડે તેવી શક્યતા છે.

બજારમાં મંદી પાછળનું મુખ્ય કારણ એ છે કે નોટબંધી, મોંઘવારી તથા ઓછા વરસાદને લીધે ગ્રામ્ય પ્રજાની ખરીદી શક્તિમાં ઘટાડો થયો છે. જોકે વેપારીઓને એવી આશા છે કે દિવાળીના તહેવારો શરૂ થાય તેના આગલા દિવસે બજારમાં ઘરાકી દેખાશે અને બાકીની ઘરાકી દિવાળીના તહેવારો બાદ શરૂ થશે.

# અરવલ્લીની સરહદ પર રાજસ્થાનમાંથી ગમે તે ઘડીએ ઝીકા વાઈરસ ત્રાટકશે

## ખોડંબાની મહિલાનું સ્વાઇન ફ્લુથી અમદવાદ સારવાર દરમિયાન મોત

મોડાસા, તા. ૧

અરવલ્લી જીલ્લા આરોગ્ય તંત્રના ઓફિસ માં બેઠા બેઠા સબ સલામતના દાવાઓ અને નિષ્ફળ કામગીરીથી જીલ્લાના પ્રજાજનોમાં

ભારે રોષ ફેલાયો છે. રાજસ્થાનને અડીને આવેલી જીલ્લાની આંતરરાજ્ય સરહદો પરથી ગમે તે ઘડીએ ઝીકા વાઈરસ જીલ્લામાં ઘર કરી જવાની દહેશત હોવા છતાં આરોગ્યતંત્ર દ્વારા સરહદ પરથી જીલ્લામાં પ્રવેશતા મુસાફરોમાં સર્વેની કામગીરી હાથ ધરવાના બદલે નધણિયાત છોડી દીધી છે. શામળાજી બસ સ્ટેન્ડ, મેઘરજ બસ સ્ટેન્ડ અને મોડાસાના બસ સ્ટેન્ડ પાછળ ડોક્ટર ગલીમાં આરોગ્ય તંત્ર દ્વારા દર્દીઓ અને મુસાફરોમાં સર્વેની કામગીરી હાથ ધરવાની તાતી જરૂરિયાત છે. જીલ્લામાં સ્વાઇનફ્લુથી વધુ એક બાવન વર્ષીય ખોડંબાની મહિલાનું મોત થતા જીલ્લા આરોગ્ય વિભાગ ઉંઘા માથે પછડાયું હતું.

ઝીકા વાઈરસ ગુજરાતમાં પ્રવેશતો અટકાવવા રાજ્ય સરકાર દ્વારા જીલ્લાના આરોગ્ય અધિકારીઓને વિડિઓ કોન્ફરન્સ યોજી સૂચના આપવા છતાં અમદાવાદમાંથી ઝીકા વાઈરસગ્રસ્ત દર્દી મળી આવ્યા હતા. અરવલ્લી જીલ્લા આરોગ્ય વિભાગ દ્વારા ઝીકા વાઈરસ અને અન્ય બીમારીઓ સામે સતર્ક હોવાની પત્રકાર પરિષદ યોજી ગુલબાંગો હાંકવામાં આવી હતી. બીજી બાજુ જીલ્લાના પ્રજાજનો ડેન્ગ્યુ અને સ્વાઈનફ્લુ ની બીમારીમાં સપડાઈ રહ્યા છે. સ્વાઈનફ્લુથી જીલ્લામાં ૪ થી વધુ લોકોના મોત નિપજતા જીલ્લાના પ્રજાજનો બીમારીના ભયના ઓથાર નીચે જીવવા મજબુર બન્યા છે. જીલ્લા આરોગ્ય વિભાગ સ્વાઈનફ્લુ કે ડેન્ગ્યુ પોઝેટીવ દર્દી મળી આવતા જે તે ઘર, પરિવાર અને વિસ્તારમાં સર્વે, ફોગીંગ અને દવાઓ આપી સંતોષ માની રહ્યું

છે. બીજીબાજુ વાઈરલ ઇન્ફેક્શન અને મચ્છરજન્ય રોગચાળાના અજગરી ભરડામાં લોકો પીસાઈ રહ્યા છે.

મોડાસામાં લઘુમતી વિસ્તારમાં અસહ્ય ગંદકીના પગલે ડેન્ગ્યુ અને મેલેરિયાના દર્દીઓમાં નોંધપાત્ર વધારો થતા શહેરીજનો દ્વારા સમગ્ર શહેરમાં પોરોનાશક, ફોંગીગ, દવાઓનો છંટકાવ કરવાની યુદ્ધના ધોરણે કામગીરી કરવાની માંગણી પ્રબળ બની છે.

## હિંમતનગરના છાપરીયામાંથી બુલેટ ચોરાયું

હિંમતનગર, તા. ૧

હિંમતનગરના છાપરીયા વિસ્તારમાં આવેલ જમીન વિકાસ બેંકની પાછળથી ૧૧ દિવસ અગાઉ અજાણ્યો શખ્સ અંદાજે રૂ. ૧.૩૦ લાખની કિંમતના બુટેલની ચોરી કરી લઈ ગયાની ફરીયાદ મંગળવારે હિંમતનગર એ. ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે રામદેવ કનોજીયાએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૨૦ ઓક્ટોબરના રોજ તેમણે પોતાનું રૂ. ૧.૩૦ લાખની કિંમતના બુલેટ નં. જીજે.૯.સીવી.૦૯૦૧ને પાર્ક કર્યુહતુ જ્યાંથી અજાણ્યો શખ્સ બુલેટની ચોરી કરી લઈ ગયો હતો. જે અંગે તપાસ કરવા છતાં બુલેટનો કોઈ પત્તો ન મળતા આખરે રામદેવ કનોજીયાએ અજાણ્યા શખ્સ વિરૂદ્ધ મંગળવારે હિંમતનગર એ. ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

## કડોલી કોલેજના ખોટા આઈકાર્ડ બનાવી સાચા તરીકે રજુ કરાતા એક સામે ફરીયાદ

હિંમતનગર, તા. ૧

હિંમતનગર તાલુકાના મુનપુર પાટીયા પાસે આવેલ કડોલી કોલેજના ત્રણ જણાએ ત્રણ માસ અગાઉ ત્રણ જણાના ખોટા ઓળખકાર્ડ બનાવી તેને મજુર અદાલતમાં સાચા તરીકે રજુ કરી ઠગાઈ કરતા એક જણા વિરૂદ્ધ કોલેજના ઈન્ચાર્જ આચાર્યએ મંગળવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

આ અંગે ઈન્ચાર્જ આચાર્ય કેશરીસિંહ સોનસિંહ પરમારે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ કાનડા ગામના વિનોદસિંહ રણજીતસિંહ ઝાલાએ ગત તા. ૧૧-૭-૨૦૧૮ અગાઉ કડોલીની સરકારી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજનું ખોટુ આઈકાર્ડ બનાવી તેને મજુર અદાલતમાં રજુ કર્યા હતા. ઉપરાંત વિનોદસિંહે સુરેન્દ્રસિંહ કલ્યાણસિંહ ઝાલા, અશ્વિનસિંહ વિનુસિંહ ઝાલા (બંને રહે. કડોલી) તથા કાનડાના રણજીતસિંહ હરીસિંહ ઝાલાના ખોટા આઈકાર્ડ કોલેજના નામથી બનાવી ઠગાઈ કરવાનો પ્રયાસ કર્યાનું બહાર આવતા કેશરીસિંહ પરમારે એક જણા વિરૂદ્ધ મંગળવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

## મોડાસા ચાર રસ્તા પાસે એસટી બસે ઈકો વાનને મારી ટક્કર

મોડાસા, તા. ૧

મોડાસા ટાઉનહોલ ચાર રસ્તા પાસે પાવાગઢથી ભિલોડા જતી બસે ઈકો વાનને ટક્કર મારી ચાલક બસ લઈ ભાગી ગયો હતો. બસમાં ૪૦થી વધુ મુસાફરો હતા. બસ લઈ ભાગેલા ચાલકને જીઆઈડીસી પાસે ટ્રાફિક બ્રિગેડિયનના જવાનોએ ઝડપી પાડી હતી. મિત્રની ઈકો વાન લઈ આવેલા ચાલકને નુકસાન ન આપી બસ લઈ ચાલક ફરાર થઈ ગયો હતો. જોકે સદ્નસીબે બસમાં અને ઈકો વાનમાં સવાર મુસાફરોનો આબાદ બચાવ થયો હતો. અરવલ્લીમાં એસટી બસોના અકસ્માત વધતા જતા બનાવો સામે બસની સલામતી સામે લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

## બનાસકાંઠાના ભલગામ ટોલ નાકા પર લોહ પુરુષની જન્મ જયંતી ઉજવાઈ

કાંકરેજ તાલુકાના મુખ્ય ડીસા ભીલડી શિહોરી થરા રાધનપુર હાઈવે ઉપર આવેલા ભલગામ ટોલ પ્લાઝા ઉપર આસિસ્ટન્ટ જનરલ મેનેજર અજય પટેલની અધ્યક્ષસ્થાને રન ફોર યુનિટીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. થરા રાધનપુર નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા યોજાયેલા કાર્યક્રમ દરમિયાન ગુજરાત રાજ્યના લોહ પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતી નિમિત્તે ભારત દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ ગુજરાતના મહેમાન બની સ્ટેચ્યુ ઓફ યુનિટીનું લોકાર્પણ કર્યુ હતુ. ત્યારે ભલગામ ટોલ પ્લાઝાના કર્મચારીઓએ રન ફોર યુનિટીમાં બે કિલોમીટર સુધી દોડનું આયોજન કર્યુ હતુ અને મોટી સંખ્યામાં લોકોએ લાભ લઈ એક આગવી શૈલીમાં સરદાર પટેલની જન્મ દિવસની ઉજવણી કરી હતી. ત્યારે સફેદ ટોપી અને ટી શર્ટમાં સજ્જ નેશનલ હાઈવે ઓથોરિટીના કર્મચારીઓની લગભગ બે કિલોમીટરની દોડ આંખે ઉડીને વળગતી દેખાતી રહી હતી. આમ ભલગામ ટોલ પ્લાઝાના કર્મચારીઓ અને અજય પટેલ દ્વારા સરદાર પટેલની જન્મ દિવસની ઉજવણી આન બાન શાન સાથે કરી હતી.

# શાળાઓમાં સત્રાંત પરીક્ષા પૂર્ણ ૧૪ દિવસનું દિવાળી વેકેશન પડશે

## ૧૯ નવેમ્બરથી બીજુ સત્ર શરૂ થશે

હિંમતનગર, તા. ૧

સાબરકાંઠા જિલ્લામાં ઓલી શાળા કોલેજોમાં શુક્રવારે સત્રાંત પરીક્ષાઓ પૂર્ણ થઈ રહી છે. ત્યારે સોમવારથી જિલ્લામાં દિવાળી વેકેશન શરૂ થઈ જશે જેના કારણે શાળા કોલેજોમાં ભણતા બાળકોને મજા પડશે. ૧૪ દિવસના વેકેશન બાદ તા. ૧૯ નવેમ્બરથી બીજુ સત્ર શરૂ થશે. જેમાં ફેબ્રુઆરી સુધીમાં બાકી કોર્ષ પૂર્ણ કરવા માટે શિક્ષકોએ અગાઉથી તૈયારી કરીને આયોજન કરી લેવુ પડશે.

આ અંગે જિલ્લા શિક્ષણાધિકારી તથા પ્રિન્સીપાલ ડૉ. બી.એસ. પટેલના જણાવાયા મુજબ યુનિ. તથા માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક સંચાલિત શાળાઓમાં પ્રથમ પરીક્ષા નવરાત્રી વેકેશન બાદ શરૂ થઈ હતી. જે પરીક્ષાઓ શુક્રવારે પૂર્ણ થઈ રહી છે. ત્યારબાદ સોમવારથી શાળા કોલેજોમાં ૧૪ દિવસનું દિવાળી વેકેશન પડશે જેથી સત્રાંત પરીક્ષાનું પરીણામ બીજા સત્રના પ્રારંભ બાદ વિદ્યાર્થીઓને અપાશે.

જો કે અગાઉના વર્ષોમાં દિવાળી વેકેશન ૨૧ દિવસનું પડતુ હતુ પરંતુ ચાલુ વર્ષથી દિવાળી વેકેશનમાં કાપ મુકીને ૯ દિવસના નવરાત્રી વેકેશન રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા જાહેર કરાયુ હોવાથી દિવાળી વેકેશનમાં કાપ મુકાયો છે.

## દઘાલીયા હાઈસ્કૂલમાં નિવ ચેરિટેબલ ટ્રસ્ટે અદ્યતન શૌચાલયને ખુલ્લું મૂક્યું

મોડાસા તાલુકાના દઘાલીયા ગામની શ્રીમતી એસ.એસ. પટેલ હાઈસ્કૂલના પરિસરમાં રૂ.૩.૫૯ લાખના ખર્ચે નવીન આકાર પામેલ અદ્યતન શૌચાલય નિવ ચેરિટેબલ ટ્રસ્ટના સંચાલક મધુબેન પ્રવિણચંદ્ર પંડ્યાએ ખુલ્લું મૂક્યું હતું. ઉલ્લેખનીય છે કે સને. ૧૯૬૪માં સ્કૂલની સ્થાપના થઈ હતી. ૪૦ વર્ષ જુના શૌચાલય જર્જરિત હોય તેનો ઉપયોગ થઈ શકતો ન હતો. ધો-૯ થી ૧૨ સુધી ચાલતી હાઈસ્કૂલમાં ૨૨૮ જેટલા વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓ અભ્યાસ અર્થે આવતા હોય છે. ભારત દેશ ૧૦૦ ટકા શૌચાલય ધરાવતો દેશ બને તેવા કેન્દ્ર સરકારના પ્રયાસો સામે જ્યાં જીવનના ઘડતર માટે શિક્ષણ માટે આવતા વિદ્યાર્થીઓને લઘુશંકા કે શૌચક્રિયા માટે ખુલ્લી જગ્યાએ જવા મજબુર બનવુ પડે છે. દેશ ડીજીટલ ક્ષેત્રે આગળ વધી રહ્યો છે. છતાં છેવાડાના ગામડાઓમાં સુવિધાનો હાલ પણ અભાવ જોવા મળે છે. ટ્રસ્ટ સંચાલિત સ્કૂલોને રાજ્ય સરકાર વાર્ષિક વર્ગ દીઠ ૧૫૦૦ રૂપિયા મેન્ટેનસ માટે ગ્રાન્ટ ફાળવતી હોય છે. સ્કૂલમાં શૌચાલય બનાવવા કે ઓરડાના રંગ રોગાન માટે ગ્રાન્ટ ફાળવતી ન હોવાની સરકારની નીતિને કારણ સુવિધા પ્રાપ્ત થઈ શકતી નથી. દઘાલીયા ગામના મધુબેન પંડ્યાએ માનવતા દાખવી સ્કૂલના શિક્ષકો અને વિદ્યાર્થીઓને સુવિધા પ્રાપ્ત થાય તે માટે શૌચાલય બનાવવાનો ઉમદા પ્રયાસ હતો તે આજે પૂર્ણ કરી સ્કૂલ પરિવાર સમક્ષ ખુલ્લો મુકનાર ટ્રસ્ટના સંચાલક મધુબેન પંડ્યાનો શ્રીમતી એસ.એસ. પટેલ હાઈસ્કૂલના હોદ્દેદારો, આચાર્ય વિનુભાઈ પટેલ તેમજ શાળા પરિવારે આભાર વ્યક્ત કર્યો હતો.

## રાજ્ય શિક્ષક સંઘના ઉપ પ્રમુખપદે અશોકભાઈ પટેલની વરણી

અરવલ્લી જિલ્લામાં શિક્ષક સંઘના પ્રમુખ અને મોડાસા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ સાયરા ગામના વતની હાલ મોડાસાના અશોકભાઈ સી. પટેલની તાજેતરમાં ગુજરાત રાજ્યમાં શિક્ષક સંઘની

મહામંડળની મળેલ મિટિંગમાં વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૦ ના વર્ષ સુધી ઉપપ્રમુખ પદે બિનહરીફ વરણી થતા અરવલ્લી ચૌધરી સમાજનું ગૌરવ વધારેલ છે. અશોક પટેલની વરણીને અરવલ્લી જિલ્લાના પૂર્વ સંગઠન મંત્રી વિનોદ પટેલ, ઉપ પ્રમુખ સી. કે. પટેલ, ડેમાઈ હાઈસ્કૂલના નિવૃત આચાર્ય સુરેશભાઈ પટેલ તેમજ વાઘેલા ધર્મેન્દ્રસિંહે આવકારી અભિનંદન પાઠવેલ છે.

## સાબરકાંઠા બેન્ક દ્વારા સેવા મંડળીઓના સેક્રેટરીઓ માટે કર્મયોગી શિબિર યોજાઈ

કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાના ભાગરૂપે ખેડૂતો માટે અનેકવિધ યોજનાઓ અમલમાં મુકાઈ રહી છે ત્યારે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં આવેલી સેવા સહકારી મંડળીઓમાં ફરજ બજાવતા સેક્રેટરીઓને યોજનાઓથી વાકેફ કરવાના ભાગરૂપે બુધવારે હિંમતનગર ખાતે સાબરકાંઠા બેંક દ્વારા કર્મયોગી ચિંતન શિબીરનું આયોજન કરવામાં આવ્યું હતું.

# કંથરાવી ગામે રામદેવપીર મંદિર ખાતેના અન્નક્ષેત્રથી પીડીતો-વંચિતોને રાહત

ઊંઝા, તા. ૧

ઊંઝા તાલુકાના કંથરાવી ગામે રામદેવપીરના મંદિરમાં ચાલી રહેલ અન્નક્ષેત્ર થકી આસપાસના ૨૨ ગામોમાં જરૂરતમંદોને નિઃશુલ્ક ભોજન મળી રહે તે માટે ટિફિનો પહોંચાડીને પરમાર્થનું ઉમદા કાર્ય થઈ રહ્યું છે. આ અન્નક્ષેત્ર વૃદ્ધો, નિરાધારો, ગરીબો માટે સહાયરૂપ બનેલ છે.

કંથરાવી ગામના સેવાના ભેખધારી એવા નરસિંહભાઈ પટેલ તે ગામમાં અન્નક્ષેત્ર શરૂ કરવાની પ્રેરણા જાગી અને આને મૂર્તિમંત કરવા માટે તેમણે સદગૃહસ્થોના સહકારથી ગામના શ્રી રામદેવપીર મંદિરથી જગ્યામાં અન્નક્ષેત્ર શરૂ કર્યુ. કંથરાવી સહિત આસપાસના ગરીબ, દરિદ્રનારાયણ, વૃદ્ધો, જરૂરતમંદોને સવારે અને સાંજ બે ટાઈમ સમયસર શુદ્ધ સાત્વિક ભોજન ઘેર બેઠાં મળી રહે તે માટે સુંદર આયોજન કરી વાહનો મારફતે ટિફિનો પહોંચાડવાનું ભગીરથ કાર્ય ચાલી રહેલ છે.

હાલ લગભગ ૨૨ જેટલા ગામોમાં જરૂરતમંદોને ટિફિન સેવા આપવામાં આવે છે. અને નજીકના સમયમાં વધુ ૧૦થી ૧૨ ગામોમાં આ નિઃશુલ્ક ટિફિનસેવા પુરી પાડવા સક્રિય બનીને સેવાના આ કાર્યને આગળ ધપાવવા કમર કસી છે. અન્નદાન મહાદાનના સૂત્રને સાર્થક કરવા માટે કંથરાવીના અન્નક્ષેત્રમાં જરૂરી તમામ સગવડો ઉભી કરવામાં આવી છે. રોટલી બનાવવા માટે મશીનની વ્યવસ્થા છે. રસોઈયાઓ બે ટાઈમનું ભોજન બનાવે છે. આ અન્નક્ષેત્રના વધતા જતા વ્યાપ અને ટિફિનોની વધતી સંખ્યાને જોતાં ટ્રસ્ટ બનાવવામાં આવ્યું છે અને તેનું નામ અન્નક્ષેત્ર અને જીવદયા કલ્યાણ ટ્રસ્ટ કંથરાવી રાખેલ છે. આ અન્નક્ષેત્ર માટે ગામના સદગૃહસ્થો, દાતાઓ તરફથી યથાશક્તિ સહયોગ સાંપડ્યો છે. હજી આ અન્નક્ષેત્રને વધુ સહયોગ મળે તેવી અપેક્ષા છે.

# દેના બેંક મહેસાણા ઝોનનો નાણાકીય સાક્ષરતા શિબિર યોજાયો

૩૧ ઓક્ટોબર ૨૦૧૮ સરદાર વલ્લભભાઈ પટેલ જયંતિના શુભ અવસરે દેના બેંક દ્વારા એક મેગા નાણાકીય સાક્ષરતા

શિબિરનું આયોજન કરવામા આવ્યુ હતુ. દેના બેંકના એમ.ડી. અને સી.ઈ.ઓ કર્ણમ સેકર વિશેષ મુંબઈથી ઉપસ્થિત રહેલ હતા. આ પ્રસગે તેમણે જિલ્લાઓમાથી ઉપસ્થિત જનતાને પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના, પ્રધાનમંત્રી જીવનજ્યોતિ વીમા યોજના અને અટલ પેન્શન યોજના તેમજ ડિજિટલ બેંકિંગની વિવિધ સેવાઓ વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. આ પ્રસંગે પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના અને પ્રધાનમંત્રી જીવનજ્યોતિ વીમા યોજના ના ૧૧ લાભાર્થીઓને ૨-૨ લાખના ચેક દેના બેંકના એમ.ડી. કર્ણમ સેકર અને મહાનુભવોએ વિતરીત કર્યા હતા. સાથે સાથે ૅજી મશીન, દેના બેંક ભીમ યુ.પી.આઈ મંત્રા મશીન તથા બેંક મિત્રોને ટેબ્લેટનું વિતરણ પણ કર્યા હતા. ઉત્કૃષ્ટ કામગીરી બદલ બેંક મિત્રોને એમ.ડી. કર્ણમ સેકરે પ્રશંસાપત્ર એનાયત કર્યા હતા.

દેના બેંકના એમ.ડી. અને સી.ઈ.ઓ કર્ણમ સેકરે જણાવ્યુ હતુ કે, સરકારની યોજના મુજબ દેશના દરેક નાગરિકને બેંક સાથે જોડવા માટે થઈને ૅસ્તદ્ધરૂ અકાઉન્ટ ખોલવાના અભ્યાન આંતર્ગત દેના બેંક મહેસાણા ઝોન ખાતે ૪ લાખ ૬૦ હજારથી વધુ ખાતા ખોલવામાં આવ્યા છે અને ૧ લાખ ૫ હજારથી વધુ પ્રધાનમંત્રી સુરક્ષા વીમા તેમજ ૪૩ હજારથી વધુ પ્રધાનમંત્રી જીવનજ્યોતિ વીમા, ૪ હજારથી વધુ અટલ પેન્શન યોજનાના ખાતા ખોલવામાં આવ્યા છે. સામાજીક સુરક્ષાની સરકારની યોજનાઓનુ અમલીકરણ દેના બેંક થકી સરસ રીતે થઈ રહયું છે. પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના અને પ્રધાનમંત્રી જીવનજ્યોતિ વીમા યોજના હેઠળ ૧૧ લાભાર્થીને વીમાની રકમ ચુકવાઈ છે.